dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
B++ NAAC Accredited University
January 2009 For private circulation only Vol. 01 - Issue 02

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विन्दति ॥ ४-३८ ॥

આ જગતમાં જ્ઞાન જેવું બીજું કાંઈ પવિત્ર નથી. તે જ્ઞાનયોગ વડે સિદ્ધ થયેલો પુરુષ કાળે કરી આપોઆપ જ પોતામાં પામે છે.

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति ॥ ४-३९ ॥

શ્રદ્ધાવાન, તત્પર અને જિતેન્દ્રિય પુરુષ જ્ઞાન પ્રાપ્ત કરે છે. જ્ઞાન પામીને તરત જ શાંતિ પામે છે.

શ્રીમદ્ ભગવદ્ગીતા

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

દરેક સંસ્થા પોતાના મૂળભૂત હેતુઓ તથા પોતાના અસ્તિત્વના કારણો તથા તેને પરિપૂર્ણ કરવાનો ધ્યેયમંત્ર (મુદ્રાલેખ) સંસ્થાના તમામ હિતધારી પક્ષકારોને મૂળભૂત હેતુઓની સતત યાદ અપાવતા રહે છે. સાંકેતિક રૂપે ખૂબ જ ઓછા શબ્દોનું પ્રયોજન કરી તેની અસરકારકતા બનાવવામાં આવતી હોય છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું પ્રતીક ચિહ્ન અને તેમાં દર્શાવેલ ધ્યેયમંત્ર વિશ્વવિદ્યાલયના સાચા સ્વરૂપની ઓળખ આપતી સુપેરે પ્રયોજેલી કલાકૃતિ છે. વિશ્વવિદ્યાલય સાથે જોડાયેલા સૌ કોઈને સર્વ દિશાઓમાંથી શુભ વિચાર પ્રાપ્ત થાય તેની ભાવના ચરિતાર્થ કરવા પ્રતીક ચિહ્ન વર્તુળાકાર રાખેલ છે. વર્તુળનો આરંભ તથા અંત નિર્ધારિત ન કરી શકાય તેવું અનંતતાનું તે પ્રતીક છે. વળી, કેન્દ્ર યોગ્ય રીતે નિર્ધારિત થાય તો જ વર્તુળ બની શકે. યુનિવર્સિટીના કેન્દ્રમાં તેનો વિદ્યાર્થી છે જેને અનંત વિશ્વના જ્ઞાનથી સુસજ્જ કરવાની વિભાવના છે.

પ્રતીક ચિહ્નના મધ્ય ભાગમાં સ્વયં પ્રકાશિત, શાશ્વત, દૈદિપ્યમાન, પૂર્ણ તેજસ્વી કિરણો સાથે સૂર્યને દર્શાવવામાં આવ્યો છે. પૂર્ણ દૈદિપ્યમાન સૂર્ય એ પરમાત્માનું પ્રતીક છે. પૂર્ણ રૂપ સૂર્ય એ સત્યનું પણ પ્રતીક છે. સૂર્યના ઉદયથી અંધકાર વિદાય લે છે. જીવનમાં જ્યારે સૂર્ય ઉગે છે તેનાથી પરમ શાંતિ અનુભવાય છે, ચિત્તનો સંતાપ શાંત થાય છે, વિષાદ મટે છે.

રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધી બાપુ યરવડા જેલમાં દર મંગળવારે સવારની પ્રાર્થના પછી એક પ્રવચન લખી સાબરમતી આશ્રમમાં મોકલતા. આ પ્રવચનોનો સંગ્રહ 'મંગળપ્રભાત' તરીકે પ્રસિદ્ધ થયો છે. 'મંગળપ્રભાત'નું પ્રથમ પ્રવચન તા. ૨૨-૭-૧૯૩૦ ના રોજ પ્રસ્તુત થયું. જેનો વિષય હતો- 'સત્ય'. ગાંધીજીએ લખ્યુ છે, ''આપણી સંસ્થાનું મૂળ જ 'સત્ય'ના આગ્રહમાં રહ્યું છે. તેથી 'સત્ય'ને જ પહેલું લઉં છું 'સત્ય' શબ્દ સત્‌માંથી છે 'સત્' એટલે હોવું. 'સત્ય' તે હોવાપણું. 'સત્ય' સિવાય બીજી કોઈ વસ્તુને હસ્તી જ નથી. પરમેશ્વરનું ખરું નામ જ 'સત્' એટલે 'સત્ય' છે. તેથી પરમેશ્વર 'સત્ય' છે એમ કહેવા કરતાં 'સત્ય' એ જ પરમેશ્વર છે એમ કહેવું વધારે યોગ્ય છે. ...અને જયાં 'સત્ય' છે ત્યાં જ્ઞાન-શુદ્ધ જ્ઞાન છે. જયાં 'સત્ય' નથી ત્યાં શુદ્ધ જ્ઞાન જ ન સંભવે. તેથી ઈશ્વર નામની સાથે 'ચિત્' એટલે 'જ્ઞાન' શબ્દ પ્રયોજાયો છે અને જયાં 'સત્ય' જ્ઞાન છે ત્યાં આનંદ જ હોય, શોક હોય જ નહીં અને 'સત્ય' શાશ્વત છે તેથી આનંદ પણ શાશ્વત હોય. આથી જ ઈશ્વરને આપણે 'સચ્ચિદાનંદ' નામે પણ ઓળખીએ છીએ. આ 'સત્ય'ની આરાધનાને ખાતર જ આપણી હસ્તી, તેને જ કારણે આપણી પ્રત્યેક પ્રવૃત્તિ એને જ કારણે આપણે પ્રત્યેક શ્વાસોશ્વાસ લઈએ છીએ. આમ કરતાં શીખીએ તો આપણને બીજા બધા નિયમો સહેજે હાથ આવે, ને તેમનું પાલન પણ સહેલું થઈ પડે. 'સત્ય' વિના કોઈ પણ નિયમનું પાલન અશક્ય છે. પણ 'સત્ય' જે પારસમણિરૂપ છે, જે કામધેનુરૂપ છે તે કેમ જડે ? તેનો જવાબ ભગવાને

આપ્યો છે : અભ્યાસ અને વૈરાગ્યથી. 'સત્ય'ની જ તાલાવેલી તે અભ્યાસ; તે વિના બીજી બધી વસ્તુ વિશે આત્યંતિક ઉદાસીનતા તે વૈરાગ્ય. ...'સત્ય'ની આરાધના એ ભકિત છે, ને ભકિત તે ' શીશતણું સાટું' છે; અથવા તે હરિનો મારગ હોઈ તેમાં કાયરતાને સ્થાન નથી, તેમાં હાર જેવું કંઈ છે જ નહીં. એ ' મરીને જીવવાનો મંત્ર' છે.''

'મુંડકોપનિષદ'માં કહ્યું છે કે, બધાં સાધનો માંહે 'સત્ય'ની આરાધના જ મુખ્ય છે. કેમ કે, 'સત્ય'માં જ સૌ સાધનોનો સમાવેશ વિચાર દૃષ્ટિએ કરતાં થઈ જાય છે. 'સત્ય' જ પરમાત્મા છે. સર્વત્ર 'સત્ય' જ જીતે છે, દેહાદિ છેવટે વિચાર દૃષ્ટિએ જૂઠાં ઠરે છે, એટલે જીવનમાં છેવટે આત્માનો અર્થાત 'સત્ય'નો જ જય થાય છે. 'ઉપનિષદ' કહે છેઃ

સત્ય જ જિતે છે, નહિ અસત્ય,

સત્યે જ માર્ગ પાથર્યો દેવયાન;

જે માર્ગ ખેડી ઋષિઓ વાંછયું પામી,

ઊતરે જ્યહાં, તે પરમ તીર્થ સત્ય કેન્દ્ર.

માનના ઉચ્ચત્તમ પદ માટે ચિહ્ન તરીકે પ્રતીક વપરાતું -સ્ટાર-તારાનું પ્રતીક માર્મિક રીતે સૂર્યના મધ્યભાગમાં છ તારાઓના સમૂહમાં દર્શાવેલ છે જે જ્ઞાનનું પ્રતીક છે. છ તારાઓના વચ્ચેના મધ્યભાગમાં કેન્દ્રબિંદુમાંથી શરૂ થઈ ગોળાકારે આગળ વધતું એક લીટીનું આવર્ત, બિંદુ સ્વરૂપે કેન્દ્રમાં રહેલ આત્માના ઉર્ધ્વગામી વિકાસનું પ્રતીક છે. જીવાત્માની પરમાત્મા તરફની ગતિનું પણ તે પ્રતીક છે. આ ઉર્ધ્વગામી યાત્રામાં છ તારાઓનું સમૂહ આત્માના છ પદો દર્શાવે છે. આ છ પદની સ્પષ્ટતા મળે તો જ આત્મા અને પરમાત્માનું સુભગ મિલન શકય બને. તારાની તીક્ષ્ણ ટોચ સૂર્યમાં પુનઃ બિંદુ સ્વરૂપે વિલીન થાય છે. જેમાં આત્મા-પરમાત્માનો અનંતતાનો ભાગ દર્શાવેલ છે.

પ્રતીક ચિહ્નમાં મૂકવામાં આવેલ છ તારાઓનું સમૂહ અને મધ્યમાં રાખેલ કેન્દ્રબિંદુ આત્માના હોવાપણારૂપ છ સ્થાનક અથવા છ પદના પ્રતીક રૂપે છે. શ્રીમદ્ રાજચંદ્ર (શ્રી રાયચંદભાઈ) જેમની સાથે સત્સંગ થવાથી પૂ. ગાંધીજી ધર્મ પરિવર્તન કરતાં અટકયા તેમણે 'આત્મસિદ્ધિશાસ્ત્ર' નામક ગ્રંથમાં આત્માના છ સ્થાનક અથવા પદ દર્શાવ્યા છે :

'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજકર્મ' ;
' છે ભોકતા' વળી ' મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ'. ૪૩
ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪
સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. ૧૪૧

પ્રતીક ચિહ્નની બહારની બાજુઓને ત્રણ ભાગમાં મઢવામાં આવેલ છે. ડાબી બાજુએ ગુજરાતીમાં તથા જમણી બાજુએ દેવનાગરી લિપીમાં 'सत्यम् ज्ञानम् अनंतम्'નો ધ્યેયમંત્ર દર્શાવેલ છે. જ્ઞાનની સાચી સમજણ શ્રીમદ્ ભગવદ્ગીતાના તેરમા અધ્યાયના શ્લોક ૭ થી ૧૧માં સુપેરે શ્રીકૃષ્ણ ભગવાન વર્ણવે છે. ''અમાનીપણું, અદંભીપણું, અહિંસા, ક્ષમા, સરળતા, આચાર્યની સેવા, પવિત્રતા, સ્થિરતા, માનસિક સંયમ, ઈન્દ્રિયોના વિષયો પર વૈરાગ્ય, અહંકારરહિતપણું તથા જન્મ, મૃત્યુ, ઘડપણ અને રોગોમાં દુઃખ તથા દોષ દર્શન, અનાસકિત, પુત્ર, સ્ત્રી, ઘર વગેરેમાં મમતાનો અભાવ, ઈષ્ટ અનિષ્ટની પ્રાપ્તિ થતાં સદા ચિત્તની સમાનતા, અનન્ય યોગથી મારામાં અસ્ખલિત ભકિત, એકાંત પ્રદેશનું સેવન, જનસમૂહમાં અપ્રીતિ, અધ્યાત્મજ્ઞાનમાં નિત્ય સ્થિતિ તથા તત્ત્વજ્ઞાનના અર્થનો અનુભવ કરવો- આ સર્વને 'જ્ઞાન' કહ્યું છે. આનાથી ઉલટુ જે કંઈ છે તે 'અજ્ઞાન' છે.


જ્ઞાનનું સ્વરૂપ સત્યપૂર્ણ, ચેતોવિકાસ કરનાર તથા અનંત છે. યુનિવર્સિટીએ આવા જ્ઞાનના સ્વરૂપને સમજવા, આત્મસિધ્ધ કરાવવા માટેની મૂળભૂત ભૂમિકા ભજવવાની છે તેની સતત યાદ ધ્યેયમંત્ર અપાવે છે. આવો આપણે સૌ આવા આદર્શોને લાયક બનવા કટિબધ્ધ બનીએ.

(નોંધ : યુનિવર્સિટીની તા. ૨૬/૪/૧૯૬૮ની સિન્ડિકેટની સભાના ઠરાવ નં-૧૭થી પ્રા. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના સૂચન મુજબ 'सत्यम् ज्ञानम् अनंतम्' (Truth, Knowledge and the Infinite) એ મહાવાકય તરીકે સ્વીકારાયું હતું. શ્રી વાસુદેવ સ્માર્ત તરફથી મળેલ સૂચન મુજબ સત્યનું પ્રતીક-સૂર્ય, જ્ઞાનનું પ્રતીક-તારક અને અનન્તનું પ્રતીક-વર્તુળાકાર રેખા સ્વીકારાયું. આ સૂચન પરથી શ્રીમતી જયોતિબેન ઠાકોરે તૈયાર કરેલી આકૃતિ પ્રા. વિષ્ણુપ્રસાદ ૨. ત્રિવેદીને બતાવતાં તેઓએ તેને સંમતિ આપતા સૂર્યના કિરણોનો રંગ આછો રતૂમડો અને તારકની આસપાસ જળનું સૂચન કરતો રંગ મૂકવાની ભલામણ કરી. આ આકૃતિ સુરતની થિયોસોફિકલ સોસાયટીના સનાતન લૉજના અગ્રણીઓને બતાવવામાં આવી હતી. તા. ૨૨-૧૧-૧૯૬૮ની સિન્ડિકેટની સભાના ઠરાવ નં.-૧૧ મુજબ શ્રીમતી જયોતિબેન ઠાકોર તરફથી મળેલી આકૃતિ સ્વીકારી તેના પરથી આખરી ચિત્ર બનાવવામાં આવ્યું હતું.)

૨૦ જાન્યુઆરી, ૨૦૦૯

પ્રો. (ડો.) બી.એ. પ્રજાપતિ
કુલપતિ

## માનવ ચેતના ઉર્ધ્વારોહણ સપ્તાહ



(ડૉ. અશ્વિન કાપડીયા)

બોર્ડ ઓફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝના ઉપક્રમે તા. ૫-૧-૨૦૦૯ થી તા. ૧૨-૧-૨૦૦૯ દરમ્યાન માનવ સેવાના ઉર્ધ્વારોહણ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું. યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી ડૉ. અશ્વિન કાપડીયાએ 'શ્રી અરવિંદ અને કેળવણી તથા મહાકાવ્ય' વિષય ઉપર રસપ્રદ વ્યાખ્યાન પ્રસ્તુત કર્યાં.

આદરણીય કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિ સાહેબના અધ્યક્ષપદે આ સપ્તાહનું ઉદ્‌ઘાટન મૂર્ધન્ય સાહિત્યકાર ડૉ. ભગવતીકુમાર શર્માના વરદ્ હસ્તે કુલસચિવશ્રી જે. આર. મહેતા, શ્રી દિપક આઈ. આફ્રિકાવાલા તથા અન્ય મહેમાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

અધ્યક્ષપદેથી આદરણીય કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિએ જણાવ્યું કે 'બોર્ડ ઓફ એકસ્ટ્રામ્યુરલ'ના ઉપક્રમે યુનિવર્સિટીમાં 'માનવ ચેતના સપ્તાહ'નું આયોજન પહેલી જ વખત કરવામાં આવેલ છે જેનો લાભ આપણા વિદ્યાર્થીઓને અવશ્ય થશે જ. આ પ્રકારના કાર્યક્રમો 'બોર્ડ ઓફ એકસ્ટ્રામ્યુરલ' દર વર્ષે કરશે એવી આશા રાખતાં ડૉ. અશ્વિન કાપડીયાના જ્ઞાનનો લાભ લેવા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું.'

ડૉ. ભગવતીકુમાર શર્માએ તેમના પ્રવચનમાં જણાવ્યું કે 'બોર્ડ ઓફ એકસ્ટ્રામ્યુરલ'ના ઉપક્રમે 'માનવ ચેતના ઉર્ધ્વારોહણ સપ્તાહ'ના આયોજનની દ્રષ્ટિ કેળવવા બદલ કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિ અભિનંદનને પાત્ર છે. કાર્યક્રમનું સંચાલન શ્રી કપિલદેવ શુકલ તથા આભારવિધિ કુલસચિવ શ્રી જે.આર. મહેતા સાહેબે કરી.

## સ્વાગત કાર્યક્રમ

તા. ૦૨/૦૧/૨૦૦૯ ના રોજ સિન્ડિકેટ રૂમમાં આદરણીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) બી.એ. પ્રજાપતિ સાહેબની અધ્યક્ષતામાં યુનિવર્સિટી ઓફિસર્સ એસોસિએશન દ્વારા યુનિ. માં નવનિયુકત ૦૬ અધિકારીઓનો સત્કાર સમારંભ યોજાયો. જેમાં સર્વ શ્રી અરવિંદભાઈ ઘડુક (પરીક્ષા નિયામક), શ્રી ડૉ. કનૈયાલાલ પટેલ (નાયબ કુલસચિવ), શ્રી કલ્પેશભાઈ ચાંપાનેરી (સિસ્ટમ મેનેજર), શ્રી બાબુભાઈ અંકુયા (આસિસ્ટન્ટ લાઈબ્રેરિઅન), શ્રી પ્રકાશભાઈ બચરવાલા (મદદનીશ કુલસચિવ) અને શ્રી દિનેશભાઈ વાઘેલા (મદદનીશ કુલસચિવ)ના સ્વાગતનો કાર્યક્રમ મા. કુલસચિવશ્રી જે. આર. મહેતા સાહેબની પ્રેરણા અને મંજુરીથી યોજાયો.



(નવ નિયુકત અધિકારીઓ)

આ પ્રસંગે માનનીય કુલસચિવશ્રી જે. આર. મહેતા સાહેબે તેમના વકતવ્યમાં જણાવ્યું કે 'ખૂબ લાંબી મહેનત, કસરતના અંતે ઘણા સમય બાદ આપણે ખૂબ જ અગત્યની વહિવટી અધિકારીશ્રીઓની જગ્યાઓ ભરી શકયા છીએ તે આનંદની વાત છે. આપણા પરિવારમાં સભ્યોનો ઉમેરો થયો છે. તેને આપણે આવકારીએ છીએ'.



(શ્રી અરવિંદભાઈ ઘડુક (પરીક્ષા નિયામક)નું અભિવાદન કરતાં આદરણીય કુલપતિશ્રી ડૉ. બી. એ. પ્રજાપતિ સાહેબ)

આદરણીય કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ સાહેબે પ્રેરણાપ્રદ વકતવ્યમાં નવ નિયુકત તમામ અધિકારીશ્રીઓને આવકારતાં જણાવ્યું કે, 'આપણે સૌએ મળી ટીમ વર્કથી કામે લાગીશું તો આપણે આપણા વિદ્યાર્થીઓના તમામ પ્રશ્નોનો ઉકેલ લાવી શકીશું.' હકારાત્મક અભિગમ રાખી સૌને કામ કરવાની હાકલ કરતાં યુનિવર્સિટીના વિકાસમાં લાગી જવાની પ્રેરણા આપી હતી.' અધિકારીશ્રીઓને તથા કર્મચારીઓએ કંઈપણ તનાવ રાખ્યા વગર કામ કરવાની શીખ આપી. નવનિયુકત પરીક્ષા નિયામકશ્રી અરવિંદભાઈ ઘડુકે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું.

કાર્યક્રમનું આયોજન નાયબ કુલસચિવશ્રી જે.કે. વનપરીયા તથા શ્રી આર. સી. ખડીયાએ કર્યું હતું.

## સુરત જીલ્લા માનવ વિકાસ અહેવાલ

ગુજરાત સરકાર દ્વારા સુરત, જામનગર, સાબરકાંઠા સુરેન્દ્રનગર અને ડાંગ જીલ્લાનો માનવ વિકાસ અહેવાલ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ અહેવાલ તૈયાર કરવાની જવાબદારી રાજયની વિવિધ શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓને સોંપવામાં આવી છે. ગુજરાત સરકારે સુરત જીલ્લાનો માનવ વિકાસ અહેવાલ તૈયાર કરવાની જવાબદારી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને સોંપી

છે. યુનિવર્સિટીમાં માનવ વિકાસ અહેવાલ આદરણીય કુલપતિ પ્રો. (ડૉ.) બી.એ. પ્રજાપતિના સીધા માર્ગદર્શન હેઠળ યુવાન અધ્યાપકોની ટીમ કાર્યરત થઈ છે. આ અહેવાલ તૈયાર કરવા માટે રૂપિયા ૪ લાખનું અનુદાન ગુજરાત સરકાર તરફથી આપવામાં આવશે. સુરત જીલ્લાના કલેકટરશ્રી દ્વારા અહેવાલ તૈયાર કરવા માટે જરૂરી સંકલન કરવામાં આવશે. આ અહેવાલ તૈયાર કરવા માટે યુનિવર્સિટીનો રિસર્ચ મેથોડોલોજી વિભાગ અને અધ્યાપકોની ટીમ વિવિધ સંસ્થાઓ અને નિષ્ણાતો સાથે સંકલન કામગીરી સંભાળશે.

## મધ્યસ્થ ગ્રંથાલય

ગુજરાત ગ્રંથાલય સેવા સંઘનો ૨૧મો ગ્રંથાલય પરિસંવાદ-૨૦૦૮ અને પ્રથમ રાષ્ટ્રીય સેમિનાર સેનેટ હોલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે તા. ૨૭-૨૯ ડિસેમ્બર, ૨૦૦૮ દરમ્યાન યોજાઈ ગયો. આ સેમિનારમાં ઈન્ચાર્જ લાઈબ્રેરિઅન શ્રી બી.જે. અંકુયા અને ટેકનિકલ આસિસ્ટન્ટ શ્રી એફ.એન. વસાવાએ ભાગ લીધો.

## અભ્યાસ લોન

આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરની અનુસૂચિત જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે રૂા. ૧૦-૦૦ લાખની લોન વાર્ષિક ૪ ટકાના દરે આપવાની યોજના અમલમાં છે. વધુ વિગત માટે યુનિવર્સિટીના એસ.સી./એસ.ટી. સેલનો સંપર્ક કરવો.

## આંતર યુનિવર્સિટી કબડ્ડી



(યુનિવર્સિટી કબડ્ડી ટીમ (બહેનો)

એમ.એસ. યુનિવર્સિટી, તિરૂનાવેલી મુકામે આંતર યુનિવર્સિટી કબડ્ડી(બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર બહેનોનો શુભેચ્છા સમારંભ મા. કુલપતિશ્રીના પ્રમુખ પદે અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા તથા કુલસચિવશ્રી જે.આર. મહેતાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના નિયામક શ્રી પોલ ડેવિડ અને સહાયક નિયામકશ્રી કપિલદેવ શુકલે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ સંપન્ન કરી.

આ ટીમને કોચ શ્રી મદનસિંહ ઠાકોરે કોચીંગ આપ્યુ હતું અને મેનેજર તરીકે શ્રી મિનેષ નિઝામા સેવા આપી રહ્યા છે.

યુનિવર્સિટી ટીમ : બેઠેલા ડાબેથી - (૧) ચૌધરી રક્ષા (૨) ગામીત પારૂલ (૩) ચૌધરી સર્વન્ત. ખુરશી પર બેઠેલા ડાબેથી - (૧) પ્રા. સુરેન્દ્રસિંહ રાણા (૨) શ્રી મદનસિંહ ઠાકુર (કોચ) (૩) જે. આર. મહેતા (રજીસ્ટ્રારશ્રી) (૪) ડૉ. બી.એ. પ્રજાપતિ (મા. કુલપતિશ્રી) (૫ દિપકભાઈ આફ્રિકાવાલા (બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન) (૬) શ્રી પોલ ડેવિડ(નિયામક) (૭) શ્રી કપિલદેવ શુકલ (સહાયક નિયામક). ઉભેલા ડાબેથી - (૧) ગામીત રૂપા (૨) વસાવા નિલમ (૩) ચિમોડીયા જયશ્રી (૪) પૂજારી રમા (૫) મહાલા સરસ્વતી (૬) ગામીત અંકિતા (૭) ગામીત પ્રિયંકા (૮) ચૌધરી મનીષા (૯) ટંડેલ નમ્રતા.

# અનુસ્નાતક

## પ્રવાસ

ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના બેચલર ઓફ લાઈબ્રેરી એન્ડ ઈનફરમેશન સાયન્સના વિદ્યાર્થીઓ, કો-ઓર્ડિનેટર શ્રી એચ.બી. પટેલ, ટેક. આસિ. શ્રી એફ.એન. વસાવાએ તા. ૧૦-૧-૨૦૦૯ના રોજ ઉનાઈ, સાપુતારા અને અન્ય સ્થળોનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કર્યું.

## NET / SLET

શિક્ષકો માટે બી.એડ., એમ.એડ.ની પદવી જરૂરી છે. જયારે ઉચ્ચશિક્ષણ કરનાર શિક્ષકો માટે તેમની સજ્જતા ફકત એમના આખરી પરિણામ પર જ આધારિત રહેતી. ભારત સરકારની ઉચ્ચ સંસ્થા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન ભારતભરમાં અપાતા ઉચ્ચ શિક્ષણને આર્થિક અનુદાન ઉપરાંત અધ્યાપનની ઉચ્ચ ગુણવત્તા જળવાઈ રહે તે માટે ખેવના રાખે છે. યુ.જી.સી.એ સમગ્ર દેશને આવરી લેતી NETની પદ્ધતિ દાખલ કરી. ભાવિ શિક્ષકો બનવાની ખેવના રાખનાર ઉમેદવારોએ આ નેટની ચાળણીથી ચળાવું પડે છે. નેટ-પરીક્ષાના ગુણવત્તાના ધોરણો ખૂબ ઊંચા છે. નેટ સ્વાભાવિક રીતે અંગ્રેજી ભાષામાં જ લેવાય. રાજય કક્ષાએ કેટલાક વિષયોના શિક્ષકો માટે અંગ્રેજીનું જ્ઞાન કે અંગ્રેજીમાં વિદ્વત્તા અનિવાર્ય નથી. તેઓ માતૃભાષામાં પોતાની પરીક્ષા આપી શકે તેવી ઉદાત્ત ભાવનાથી ગુજરાત-સ્ટેટ એલીજીબીલીટી પરીક્ષા G-SLET બ્યુરોની સ્થાપના ગાંધીનગર ખાતે ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી. આવી ઉચ્ચ કક્ષાની પરીક્ષા પસાર કરવાની ખરેખર અઘરૂં કાર્ય છે. ભારતભરમાં રાષ્ટ્રીય કક્ષાએ આવી સમકક્ષ પરીક્ષાનું પરિણામ પણ ૨ થી ૩ ટકા જ રહેતું હોય છે. ગુજરાતમાં પણ આજ પરિસ્થિતિ છે. તેથી ગુજરાતના વિદ્યાર્થીઓ પરીક્ષામાં ખરા ઉતરે અને નેત્રદિપક દેખાવ કરે તે હેતુ સરકારશ્રી દ્વારા સર્વ યુનિવર્સિટીઓને અનુરોધ કર્યો હતો.



(કાર્યશાળાને સંબોધતા આદરણીય
કુલપતિશ્રી પ્રો. (ડૉ.) બી.એ. પ્રજાપતિ)

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ તારીખ : ૦૩-૧૨-૨૦૦૮ ના રોજ જી-સેટ પરીક્ષામાં દાખલ થનારા ઈચ્છુકો માટે એક દિવસીય કાર્યશાળાનું આયોજન કર્યું હતું. કાર્યશાળાામાં વિવિધ

વિષયોના આશરે ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આદરણીય કુલપતિશ્રી ડૉ. બાબુભાઈ પ્રજાપતિ સાહેબે કાર્યશાળાનું વિધિવત ઉદ્‌ઘાટન કર્યું હતું. વિવિધ વિભાગોના વડાઓ સર્વશ્રી ડૉ. વેંકટરમણ, ડૉ. રામક્રિષ્ણના, ડૉ. ભાઠાવાલા, ડૉ. શશીકાંત શાહ, ડૉ. આરતી રાજયગુરૂ, ડૉ. અપૂર્વ દેસાઈ તથા ડૉ. મીનુ પરબીઆએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂં પાડયું હતું. બપોર પછી કાર્યશાળા વિષયવાર ચર્ચાસભામાં પલટાઈ ગઈ હતી. જેનાં ડૉ. કિશોર પોરિયા, ડૉ. પંકજ ગઢીયા, ડૉ. ગોદરે, ડૉ. રેડ્ડી, ડૉ. ટાંક, ડૉ. ભરત ઠાકાર, ડૉ. દમયંતિબહેન, ડૉ. સુભદ્રાબેન, ડૉ. યુ.ટી. દેસાઈ, ડૉ. શ્રીનિવાસ રાવ, ડૉ. થાનકી વિગેરેએ માર્ગદર્શન પુરૂં પાડયું હતું.

# સંલગ્ન કોલેજ

## કોન્ફરન્સ



(ઉદ્‌ઘાટન : કુલપતિશ્રી પ્રો. (ડૉ.) બી.એ. પ્રજાપતિ અને અન્ય મહાનુભાવો)

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત સંલગ્ન અભિનવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્. જહાંગીરપુરા, સુરત ખાતે તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૦૯ના રોજ યોજાયેલ વિવેકાનંદ જયંતી નિમિત્તે'''શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમમાં નવવિચારાત્મક વ્યવહારો'' વિષય યોજાયેલ એક દિવસીય રાજયકક્ષાની કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્‌ઘાટન સમારોહ આદરણીય કુલપતિશ્રી (પ્રો.) ડૉ. બે.એ. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. આદરણીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) બી.એ. પ્રજાપતિએ આ પ્રસંગે જણાવ્યું કે, 'Quality Education વિષયને કેન્દ્રસ્થાને રાખી શિક્ષણ જગતને અનુસરવા અનુરોધ કર્યો હતો. પ્રવર્તમાન વૈજ્ઞાનિક યુગમાં ટેક્નોલોજીનો વર્ગખંડમાં વધુને વધુ વિનિયોગ કરવાનો આગ્રહ રાખ્યો હતો.' આ નવવિચારાત્મક વ્યવહારને સફળ બનાવવા માટેનો પ્રથમ પ્રયાસ વિવેકાનંદ કોલેજ ફોર જહાંગીરપુરા, સુરતે કર્યો હતો.

આ ઉદ્‌ઘાટન સમારોહમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય શ્રી દિનેશભાઈ દાસા તેમજ કુલસચિવશ્રી જે.આર. મહેતા સાહેબે ઉત્ક્રાંતિવાદ આધારિત ઉદાહરણ સાંકળીને માનવને શિક્ષણ સાથે સાંકળવાનો પ્રયાસ કર્યો હતો. તેમજ શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રી પ્રિ. ડૉ. વિનોદભાઈ જી. પટેલ, પ્રિ. ડૉ. જયેન્દ્રસિંહ ગોહિલ, શિક્ષણ વિભાગના પ્રો. ડૉ. ગણેશભાઈ પરમાર, પ્રો. ડૉ. દીપિકાબેન શાહ, પ્રો. ડૉ. ઉમ્મેદ સિંગ, પ્રો. ડૉ. રાયસિંગભાઈ ચૌધરી, પ્રો. ડૉ. જયેશભાઈ નાયકે શિક્ષણ અને વિદ્યાર્થીઓ સ્વમેળે અભ્યાસમાં ICTના ઉપયોગ દ્વારા સંરચના કરે અને વધુ સારી રીતે શિક્ષણની ગુણવત્તા જાળવે તેના વિશેનો અંગુલિનિર્દેશ કર્યો હતો. તેમજ કોલેજના ટ્રસ્ટીશ્રી નીમાબેન જોષીએ વિદ્યાર્થીઓની વૈયક્તિક ભિન્નતાઓને ધ્યાનમાં રાખીને ICT ના ઉપયોગ દ્વારા શિક્ષણ અપાય તેનો આગ્રહ રાખ્યો હતો.

પ્રસ્તુત કોન્ફરન્સમાં ભાવનગર યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, એમ.એસ. યુનિવર્સિટી, બરોડા, તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલ ૧૦૦ જેટલા અધ્યાપકોએ ભાગ લીધો અને સંશોધન પેપરો રજૂ કર્યા હતા.

સમારોહના અધ્યક્ષ આદરણીય કુલપતિશ્રી (પ્રો) ડૉ. બી.એ. પ્રજાપતિ સાહેબે આ રાજયકક્ષાની કોન્ફરન્સને બિરદાવી સફળ આયોજન બદલ ટ્રસ્ટી શ્રી વિપુલભાઈ જોષી તથા કોલેજ પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

## પીએચ.ડી. ગાઈડ અધિવેશન



(ઉદ્‌ઘાટન : કુલપતિશ્રી પ્રો. (ડૉ.) બી.એ. પ્રજાપતિ અને અન્ય મહાનુભાવો)

ગુજરાત રાજયની વિવિધ યુનિવર્સિટીઓની એજ્યુકેશન ફેકલ્ટીના પીએચ.ડી. ગાઈડનું પાંચમું અધિવેશન તા. ૨ જાન્યુ.૨૦૦૯ થી તા. ૪ જાન્યુ. ૨૦૦૯ દરમિયાન ક્રિભકો ટાઉનશીપમાં યોજાયું હતું.

અધિવેશનનું ઉદ્‌ઘાટન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આદરણીય કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ કર્યું હતું. યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી ડૉ. રમેશચંદ્ર કોઠારીએ કિ-નોટ એડ્રેસ આપ્યું હતું. ડૉ. બી.એ.પ્રજાપતિએ સંશોધનના કાર્મકાંડમાંથી બહાર આવી ગુણાત્મક અને મૂળભૂત સંશોધનોના વિસ્તરણ પર ભાર મૂકયો હતો, જયારે પૂર્વ કુલપતિશ્રીએ ઐતિહાસિક સંશોધનો સહિત, વર્ણનાત્મક, તુલનાત્મક તથા પ્રાયોગિક સંશોધનો પર ભાર મૂકયો હતો.

ત્રણ દિવસ ચાલેલા આ અધિવેશનના ઉદ્‌ઘાટન સમારંભમાં સંશોધન લેખોની પુસ્તિકાનું વિમોચન આદરણીય કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ કર્યું હતું, જયારે માર્ગદર્શકોની બાયોડેટા ડાયરીનું વિમોચન પૂર્વ કુલપતિશ્રી ડૉ. રમેશચંદ્ર કોઠારીએ કર્યું હતુ.

ઉદ્‌ઘાટન સમારંભમાં પધારેલા, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ચેરમેનશ્રી રૂપીન પચ્ચીગરે અને ક્રિભકોના જનરલ મેનેજર મિસ્ત્રી સાહેબે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. આ સમારંભમાં કચ્છ યુનિવર્સિટીના કુલપતિશ્રી મા.ડૉ. કાંતિભાઈ ગોર સહિત, મોટા ભાગની યુનિવર્સિટીઓના શિક્ષણ વિભાગના અધ્યક્ષશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કુલ આઠ બેઠકોમાં માર્ગદર્શકશ્રીઓએ વિવિધ વિષયો પર કુલ ૪૩ સંશોધન પત્રો રજૂ થયા હતા. પૂર્ણાહુતિ સમારંભ ડૉ. સી.ઝેડ. શાહ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી ડૉ. સી.ઝેડ. શાહના અધ્યક્ષપદે સંપન્ન થયો હતો. તેમના હસ્તે પ્રમાણપત્ર વિતરણ થયું હતું. અધિવેશનને સફળ બનાવવામાં વી.ટી. ચોકસી બી.એડ. કોલેજના સ્ટાફ અને તાલીમાર્થીઓએ જહેમત ઊઠાવી હતી.

## પીએચ. ડી.



સી.કે. પીઠાવાલા કોલેજ ઓફ એન્જિનીયરીંગ એન્ડ ટેકનોલોજી સુરતમાં ફરજ બજાવતાં હેલી ભાવેશ દેસાઈએ ફિઝિક્સ વિષયમાં રિસર્ચ કરી પ્રસ્તુત કરેલા સંશોધન મહાનિબંધ "Growth of Bismuth Single Crystal and their Etching At (111) Dislocation Sites" ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય યુનિવર્સિટીના ફિઝિક્સ ડિપાર્ટમેન્ટના હેડ પ્રો. ડો. કે. સી. પોરીયાના માર્ગદર્શન હેઠળ સંપન્ન કર્યું હતું. અભિનંદન

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**મારું સ્વપ્ન : ડો. વર્ગીસ કુરિયન** (ગૌરી સાળવીને કહ્યા પ્રમાણે) અનુવાદક : સુધા મહેતા. પ્રકાશક : અમદાવાદ, આર.આર.શેઠની કંપની, ૨૦૦૬. પૃ. ૨૩૩. મૂલ્ય : રૂા. ૧૫૦=૦૦

૩૩ વર્ષ સુધી એન. ડી.ડી.બી.ના ચેરમેન, જી. સી. એમ. એમ. એફ.ના ચેરમેન, ઈરમાના ચેરમેન પદ દરમ્યાન ગુજરાત એગ્રીકલ્ચર યુનિવસર્સિટીના વાઈસ-ચાન્સેલર, ગુજરાત ઈલેકટ્રિસિટી બોર્ડના ચેરમેન અને હાલમાં અલાહાબાદ યુનિવર્સિટીના ચાન્સેલર, વિશ્વભરમાં ડેરી વિકાસના સૌથી વિસ્તૃત કાર્યક્રમ ' ઓપરેશન ફ્લડ' ના શિલ્પી, રામોન મેગ્સેસે એવોર્ડ, વાટોલર પીસ પ્રોઈઝ, વર્લ્ડ ફૂડ પ્રાઈઝ, પદ્મવિભૂષણ અને અસંખ્ય ઈનામો અને અસંખ્ય ઈનામો અને એવોર્ડ વિજેતા ડૉ. વર્ગીસ કુરિયનનું પુસ્તક "I Too Had a Dream" નો સુધા મહેતા દ્વારા કરાયેલ અનુવાદ એટલે ' મારું સ્વપ્ન' , ડૉ વર્ગીસ કુરિયનની આ અદ્‌ભૂત જીવનકથા છે.

આ ગ્રંથનું આમુખ શ્રી રતન તાતાએ લખ્યું છે. શ્રી રતન તાતા દર્શાવે છે કે 'ભારતદેશનું એ અપ્રતિમ સદ્‌ભાગ્ય રહ્યું છે કે તેના નાગરિકોમાં કેટલાંય નિઃસ્વાર્થી, સંનિષ્ઠ અને પોતાની જાત ઘસી નાખનારા, રાષ્ટ્રીયતાની ભાવનાથી સભર વ્યકિતઓ છે. જેમ કે ડૉ. વર્ગીસ કુરીયન... તેઓની જીવનકથા આપણને ડૉ. કુરિયનની પ્રવૃત્તિમય અને રંગબેરંગી જિંદગીના પડકારો, સિધ્ધિઓ તેમજ તેમને થયેલા નિરાશાના અનુભવો વિષે ખૂબ આકર્ષક દૃષ્ટિથી જોવાની એક તક આપે છે.

ડૉ. કુરિયને તેમના સમગ્ર જીવન દરમ્યાન જે અનુભવો મેળવ્યા તેનું તાદૃશ્ય ચિત્ર આ ગ્રંથમાં રજૂ થયું છે. શ્વેતક્રાંતિના જનક-પોતાની લાક્ષણિક સ્પષ્ટ વકતાની ઢબે પોતાના જીવનના વિવિધ પ્રસંગો વર્ણવે છે અને કઈ રીતે તેમણે ડેરી ઉદ્યોગની રચના કરી, તેને પગભર કર્યો વિગેરે વિગતો રસપ્રદ રીતે જણાવે છે. આ પુસ્તક અતિશય પ્રેરણાદાયી છે અને તેમણે કરેલા પ્રદાનની મહતા પૂરવાર કરે છે. તેમજ તેઓના વૈવિધ્યસભર વ્યકિતત્ત્વને પણ આપણી સમક્ષ ખડું કરે છે.

' ઉપોદ્‌ઘાત' માં ડૉ. વર્ગીસ કુરિયને એક દાદા તરીકે પોતાના પુત્ર સિદ્ધાર્થને લખેલ પત્ર પ્રેરણાદાયી છે, બાળ પેઢીને પોતાના વિચારો અર્પણ કર્યા છે. પત્રમાં ડૉ. કુરિયન નિખાલસતાથી દર્શાવે છે કે 'જો તદ્દન પ્રામાણિકતાથી કહું, તો મેં ખરેખર મારી કારકિર્દીને ભારતના ખેડૂતોની સેવામાં ગાળવાનો કશો આશય રાખેલો નહોતો. કોણ જાણે કઈ રીતે, અમુક પ્રકારે ઘટનાઓનો ક્રમ થતો ગયો, જેના પ્રવાહમાં હું તણાતો ગયો.' આ જીવનકથામાં ડૉ. કુરિયનની કોઈપણ જગ્યાએ આત્મ વંચના જોવા મળતી નથી. ડૉ. કુરિયનની પારદર્શી જીવનકથા પાઠકને પ્રત્યેક પાના પર જોવા મળે છે.

ડૉ. કુરિયન આ ગ્રંથના પૃ. ૨૨૨ ઉપર દર્શાવે છે કે, ' હું માનું છું કે અમૂલની સફળતા જોતાં કહી શકાય કે એના આ સહકારી સિધ્ધાંત અને પધ્ધતિ અન્ય કેટલાંય ક્ષેત્રોમાં પણ અપનાવી શકાય છે.' આગળ દર્શાવે છે કે **'વિરોધ થશે, અલબત્ત થાય જ. વ્યકિતગત અને સંસ્થાકીય સ્તરે આફતો તમારાં પગલાં સૂંઘતી આવશે. આ વાત ભૂલશો નહિ, પણ તેને કારણે હામ ન હારશો... તો મને ખાતરી છે કે તમે પણ તમારું 'સ્વપ્ન' સાકાર કરી શકશો, નવી ઉંચાઈઓ હાંસલ કરી શકશો.'**

ડૉ. કુરિયન આગળ દર્શાવે છે કે 'ભારતનો સૌથી મૂલ્યવાન ખજાનો તેના લોકો છે, પ્રજા છે. પાંચ દાયકા પહેલાં આણંદ આવવા મને ફરજ પાડી હતી પણ જે 'શરતી સેવા' તરીકે શરૂ થઈ તે પાંચ દાયકાની કારકિર્દી એક સંતોષ અને પુરસ્કૃત સેવા બની રહી. મારો આ બધામાં જો કોઈ યશ હોય તો તે જ કે મારામાં એટલી સમજ હતી કે દિલ્હી કે અન્યત્ર જવા માટે મને જે કંઈ તકો મળી, તે મેં જતી કરી હતી અને આણંદમાં જ સ્થિર થયો. મેં એ વધુ પસંદ કર્યું કે હું આણંદમાં જ રહું. ખેડૂતોના સેવક તરીકે, આખી જિંદગી મેં લીધેલા સૌથી શાણપણ ભર્યા નિર્ણયોમાં આ નિર્ણય સર્વ શ્રેષ્ઠ હતો.'

ડૉ. કુરિયનની ૧૯૬૨ની ભારત-ચીનની લડાઈ વેળાએ ભારતીય સેનાને દૂધનો પાવડર પૂરો પાડવાની કર્તવ્ય ભાવનામાં અપાર રાષ્ટ્ર ભાવનાના દર્શન થાય છે. અમૂલને કારણે જ વર્ણ વ્યવસ્થાને પણ જબરો ધકકો લાગ્યો હતો. એડ્‌વર્ટાઈઝિંગના ધંધામાં સૌથી વધુ ચાલેલી 'અટરલી બટરલી અમૂલ' જાહેરાત, ભેંસના દૂધમાંથી પાવડર ન બને તેવું ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડના ટેકનિકલ નિષ્ણાતોએ કહ્યું પણ ડૉ. કુરિયને એ કરી બતાવ્યું. એન. ડી. ડી. બી. વિષે ડૉ. કુરિયન જણાવે છે કે ' આપણા ' દેશની બીજી કોઈ એવી એજન્સી નથી જે રૂા. ૧૦૦૦ કરોડ ખર્ચીને, જે એન.ડી. ડી.બી. એ કર્યું, છતાં કશી માલિકી ધરાવતી નથી અને આ બાબતે હું ખરેખર ઘણા ગર્વનો અનુભવ કરું છું.'

અમલદારશાહી સાથે તેમને થયેલા અનુભવો, જવાહરલાલ નહેરુ, ઈંદિરા ગાંધી, રાજીવ ગાંધી, જગજીવનરામ, મણિબેન પટેલ, એ.એમ. પટેલ, મોરારજી દેસાઈ, રાષ્ટ્રીય સ્વંસેવક સંઘના વડા એમ.એસ. ગોલવકર 'ગુરુજી' સાથેની યાદોને આલેખી છે. ગુરુજી વિષેનું મંતવ્ય અદ્‌ભૂત છે. શ્રી ત્રિભુવનદાસ પટેલ ડૉ. કુરિયનના ગુરુ હતા.

અમુલના આંકડા, ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડટેશન લિમિટેડની વિવિધ માહિતી, 'ઓપરેશન ફ્લડ' કાર્યક્રમનું લક્ષ્ય, સિદ્ધિ અને નાણાકીય ફાળાની સ્થિતિ, રાષ્ટ્રીય સ્તરે દૂધનું એકત્રિકરણની ટકાવારી તેમજ ડેરી કો-ઓપરેટીવ્સની વૈવિધ્યસભર માહિતીનો સંદર્ભ સ્ત્રોત એટલે 'મારું સ્વપ્ન'. ડૉ. કુરિયન અને તેમના પરિવાર અને અન્ય રાજકીય હસ્તીઓ સાથેના તેમજ પ્રથમ અમૂલ ડેરીનાં કુલ તેત્રીસ ફોટાઓ પણ ગ્રંથમાં આપણને દૃષ્ટિગોચર થાય છે.

ડૉ. વર્ગીસ કુરિયનના વિચારોને ગૌરી સાલવીએ શબ્દોમાં પ્રસ્તુત કર્યા છે. ગૌરી સાલવી મુંબઈમાં ફ્રિલાન્સ પત્રકાર છે. 'ડેવલપમેન્ટ રિટોલ્ડઃ વોઈસીસ ફ્રોમ ધ ફિલ્ડ' નામક ભારતના સહકારી યુનિયન ઉપરના પુસ્તકનું પણ ગૌરી સાલવીએ સંપાદન કરેલ છે.

દૂધ ઉત્પાદક મંડળીના સંચાલકો, ખેડૂતો, અભ્યાસુઓ, ઉદ્યોગ સાહસિકો, સહકારી ક્ષેત્રો સંકળાયેલા સૌ કોઈ અને નવયુવાનોને પ્રેરણા પ્રદાન કરતો આ ગ્રંથ કોઈએ વાંચવો રહ્યો.

છેલ્લે ડૉ. કુરિયન લખે છે કે લોકો મને કદાચ ક્રૂર કે દયાહીન કહે પણ હું સાચા દાખલા બેસાડવા માટે દૃઢાગ્રહી છું. છેવટ સુધી હું આજ કામ કરતો રહેવાનો જીવનમાં અને મરણમાં પણ, અમુક વસ્તુઓ તમે તમારા વારસદારો પર પણ ન છોડી દઈ શકો, જેમ કે મેં કહ્યું છે કે મારા મરણ પછી મારા દેહનો આણંદમાં જ અંતિમ સંસ્કાર કરવો, તે માટે કોઈ વિશિષ્ટ સ્થળ કે વિશિષ્ટ કાર્યક્રમ મારે માટે કરવો નહી. ડૉ. કુરિયન જીવન-સંભારણામાંની છેલ્લી પંકિતઓ આલ્ફ્રેડ ટેનિસની છેઃ

સાંધ્ય ટાણું, સાંધ્ય તારલો અને બસ એક સ્વચ્છ પોકાર, અને કિનારે ન કોઈ શોક, જયારે હું જઉં દરિયાપાર.


બાબુલાલ અંકુયા
ઈન્ચાર્જ લાઈબ્રેરિઅન

## દક્ષિણાયન

### વિમોચન



('દક્ષિણાયન'નું વિમોચન : કુલપતિશ્રી પ્રો. (ડૉ.) બી.એ. પ્રજાપતિ અને પૂર્વ કુલપતિશ્રી ડૉ. અશ્વિન કાપડીયા)



('દક્ષિણાયન'નું વિમોચન : શ્રી ભગવતીકુમાર શર્મા અને કુલસચિવશ્રી જે.આર. મહેતા)

યુનિવર્સિટીનું પુનઃપ્રકાશિત વૃત્તપત્ર 'દક્ષિણાયન' નું વિમોચન આદરણીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર. મહેતા, પૂર્વ કુલપતિશ્રી અશ્વિનભાઈ કાપડિયા અને ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર શર્માના વરદ્ હસ્તે તા. ૫-૧-૨૦૦૯ના રોજ કમ્પ્યૂટર સાયન્સના સેમિનાર હોલમાં કરવામાં આવ્યું.

વિમોચન પ્રસંગે આદરણીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) બી.એ. પ્રજાપતિએ જણાવ્યું કે, 'કોઈપણ શૈક્ષણિક સંસ્થાનું પ્રતિબિંબ તેના પ્રકાશનોમાં પડે છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને શૈક્ષણિક જગતની સિદ્ધિઓથી 'દક્ષિણાયન' થકી શિક્ષણજગત વાકેફ બનશે. યુનિવર્સિટીનું મુખ્ય કાર્યોમાં પ્રકાશન કાર્યને પણ ગણવામાં આવે છે ત્યારે 'દક્ષિણાયન' નવા કલેવર સાથે સજીવન થાય છે, તે આપણા સૌ માટે આનંદની વાત છે.

આદરણીયશ્રી ભગવતીકુમાર શર્માએ જણાવ્યું કે 'દક્ષિણાયન' એ યુનિવર્સિટીનું પ્રતિબિંબ છે અને તે પુનઃ પ્રકાશિત થઈ રહ્યું છે તે મારે મન આનંદની વાત છે.

આ પ્રસંગે યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, અધિકારીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રતિભાવ

સ્નેહી ભાઈશ્રી અંકુયા,

કુશળ હશો,

તમે મોકલાવેલ ''દક્ષિણાયન'' નો પ્રથમ અંક મળ્યો, આભાર.

તમે તેનું તંત્રીપદ સંભાળ્યું છે તે જાણી આનંદ થયો. તમારી એ નવી કામગીરીમાં તમે સફળ નીવડો એ શુભેચ્છા સાથે અભિનંદન પાઠવું છું.

હું અંક રસપૂર્વક જોઈ ગયો અને વાંચી ગયો. એનું સુરૂચિપૂર્ણ કલેવર, ધ્યાન ખેંચે છે, તમે એને જે માળખું આપ્યું છે તે એક Education Management Journal ને અનુરૂપ છે. જેમ જેમ સમય જશે, તેમ તેમ માળખાના પેટા વિભાગો વધતા રહેશે - રહેવા જોઈએ.

યુનિવર્સિટીનું મુખપત્ર બહુહેતુક પ્રકાશન હોય છે. એક બાજુ એ ઘટનાઓનું પ્રતિબિંબ પાડે છે તો, બીજી બાજુ એનામાં અનાગતની સંભાવનાઓ, આકાંક્ષાઓ અને સંકલ્પોની આગાહીઓ પણ થતી રહેતી હોય છે. આ રીતે મુખપત્રે એક સમગ્રતાની છાપ ઉપસાવતા રહેવાનું હોય છે.

પ્રથમ અંક જોતાં મને એની પ્રતીતિ થઈ છે કે કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ પાસે યુનિવર્સિટીના વિદ્યાકીય એજેન્ડાનું સુવાંગ-સમગ્ર દર્શન છે. એ દર્શનનું વ્યવહારમાં અનુસરણ કરવાનું કામ યુનિવર્સિટી સાથે સંકળાયેલા અનેક હિતધારકોનું છે. એ દિશામાં યુનિવર્સિટી કક્ષાએ અને વ્યકિતગત કોલેજ કક્ષાએ જે આયામો થતા રહેશે અને નવિન સ્વપ્નો રચાતાં જશે એની કથાનું વાહક-માધ્યમ તે મુખપત્ર.

એવું સક્ષમ, સ્વસ્થ અને સબળ વાહન ''દક્ષિણાયન'' પૂરવાર થતું રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

''દક્ષિણાયન''ને એના નવા અવતારરૂપે ગુજરાતના વિસ્તરી રહેલા યુનિવર્સિટી વિશ્વમાં હાર્દિક સ્વાગત છે.

તમને પુનઃ અભિનંદન અને શુભેચ્છા સહ.

ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી, પૂર્વ ઉપકુલપતિ,
હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
બજાર, કલોલ. (ઉત્તર ગુજરાત)- ૩૮૨૭૨૧

cm/apso/12012009



## -: MESSAGE :-

Knowledge when shared, grow faster. India has been cradle of knowledge and even today, during the 'KNOWLEDGE ERA' we have been in forefront to contribute a lot for the enhancement of knowledge.

**Veer Narmad South Gujarat University** has taken right step by publishing fortnightly **'Dakshinayan – VNSGUniversity Newsletter'.**

My warm wishes to the publication.

**(Narendra Modi)**

To,
**Shree B. A. Prajapati,**
Veer Narmad South Gujarat University,
Udhna – Magdalla Road,
Surat – 395 007.

**Narendra Modi**
Chief Minister, Gujarat State

# VNSGU
## VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT




**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat. Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com